Managed by Jivan Jyot Trust, Amroli - Surat
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
*Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru*
*An ISO QMS - 9001 : 2015, EMS - 14001 : 2015 & OHSAS - 18001 : 2007 (IMS) Certified Institute*
YEARS OF CELEBRATION 1991 - 2020

**Out Ref. No.: 17/2020-21**
**Date :06-07-2020**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞમહાશય,
સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.
સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

# "સ્ટાર્ટઅપ ફોર આત્મનિર્ભર ભારત"
# વિષય પર ૧૫માં નેશનલ વેબીનારનું અમરોલી કોલેજ દ્વારા આયોજન

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૬ જુલાઇ, ૨૦૨૦ સોમવારના રોજ "સ્ટાર્ટઅપ ફોર આત્મનિર્ભર ભારત" વિષય અંતર્ગત **Google Meet** અને **You Tube, Tweeter, Instagram, Microsoft Team** ના માધ્યમથી ૧૫માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં આદરણીયશ્રી ડૉ.સંજય ચૌહાણ, ડાયરેકટર, જીટીયુ, ઇનોવેશન કાઉન્સિલ અને આદરણીયશ્રી નિખિલ મેઠીયા, ડાયરેકટર પ્રોનેલેબ, સ્ટાર્ટઅપ પ્રતિનિધિ મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૧૨૦૯૧ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. સૌપ્રથમ આદરણીયશ્રી નિખિલ મેઠીયા સરે સ્ટાર્ટઅપ અને આત્મનિર્ભર ભારતની સામાન્ય માહિતી તમામ પાર્ટીસિપન્ટ મિત્રોને આપી હતી. હાલમાં સ્ટાર્ટઅપની શુ જરૂર છે અને યુવા વર્ગ આત્મનિર્ભર ભારતમાં કેવી રીતે ટેકારૂપ બની શકે તેની માહિતી આપી હતી. ત્યારબાદ વેબીનારના બીજા વકતા આદરણીયશ્રી ડૉ.સંજય ચૌહાણ સરે વિગતવાર અને ઊંડાણપૂર્વક સ્ટાર્ટઅપની માહિતી આપી હતી. જેમાં તેમણે યુવા વર્ગ પાસે જો નવા વિચાર હોય તો તે વિચારને અમલી બનાવવા માટે રાજય સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી તે ઉપરાંત તેમણે પેટન્ટ કેવી રીતે નોંધાવવા અને શૈક્ષણિક સંસ્થાઓ માટે **SSIP** ગ્રાન્ટની વિગતવાર માહિતી આપી હતી.

તેમણે પોતાના વકતવ્યમાં લોકડાઉનના વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. તેમજ પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીઓનો પરિચય ડૉ.મુકેશ ગોયાણી, ઇ.ચા.આચાર્યશ્રી, **SFI** અમરોલી કોલેજ તેમજ આભારવિધિ પ્રા.ડૉ. સેજલ દેસાઇએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ અને ડૉ.મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી જ અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

**You Tube Link :** https://youtu.be/pNQsI59jqZY